## સંક્ષિપ્ત સમાચાર

### કોસમડી નજીક શ્રી બંગ્લોઝમાં ચોરી



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વરના કોસમડી સ્થિત શ્રી બંગ્લોઝમાં તસ્કરોએ બંધ મકાનનો નકૂચો તોડી રૂ.90 હજારના સોના-ચાંદીનાં ઘરેણાંની ચોરી કરી છે. મકાન માલિક સંજય યાદવ પુત્રીના અવસાન બાદ વતન ગયા હતા, ત્યારે આ ઘટના બની હતી. પાડોશીએ જાણ કરતા જીઆઈડીસી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મોતા ગામમાં પરિણીતાનો આપઘાત

બારડોલી: બારડોલીના મોતા ગામના કોળીવાડ ફળિયામાં રહેતા નિરજાબેન મિતેશભાઈ પટેલ (ઉં.વ.૩૧)એ શુક્રવારે સાંજે ઘરના રૂમમાં છતના પંખા સાથે સાડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવની જાણ થતા જ પરિવારજનોમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી. મૃતકના પતિ મિતેશભાઈ રવિન્દ્રભાઈ પટેલે આ અંગે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

### પલસાણાના હરિપુરામાં બાઇકની ચોરી

પલસાણા: પલસાણાના હરિપુરા પાટિયા પાસે આવેલા છત્રાલા કોમ્પ્લેક્સના પાર્કિંગમાંથી બાઈક ચોરાઈ હતી. બગુમરાના રહીશ નિલેશભાઈ પરમારે પોતાની બાઇક નં.(GJ 19 BP 4251) કંપનીના ગેટ પાસે પાર્ક કરી હતી, જે રાત્રિના સમયે ચોરાઈ ગઈ હતી. CCTV ફૂટેજમાં રાત્રે 10:22 કલાકે એક અજાણ્યો શખ્સ બાઈક લઈ જતો કેદ થયો છે. આ મામલે કડોદરા GIDC પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કેવડીમાં પશુ ભરેલો ટેમ્પો ઝડપાયો

વાંકલ: ઉમરપાડાના કેવડી ગામના સબ સ્ટેશન નજીક ટાયર પંચર થતાં બોલેરો પિકઅપ નં.(MH 41 AG 0107)નો ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. તપાસ કરતાં ટેમ્પોમાંથી ક્રૂરતાપૂર્વક બાંધેલા 14 ગૌવંશ (2 ગાય, 1 બળદ, 11 વાછરડાં) મળી આવ્યાં હતાં. ઘાસચારા કે પાણીની સુવિધા વગર કતલના ઇરાદે થતી આ હેરાફેરીમાં પોલીસે રૂ.46,000નાં પશુ અને રૂ.2 લાખનો ટેમ્પો મળી કુલ રૂ.2.46 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઉમરપાડા પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ડુંગરી ગામેથી 3.19 લાખનો દારૂ ઝડપાયો

પલસાણા: સુરત જિલ્લા એલસીબી પોલીસે મહુવાના ડુંગરી ગામેથી દારૂનો ઝડપી પાડ્યો છે. એલ.સી.બી.ને બાતમી મળી હતી કે ડુંગરી ગામના ઝાપ ફળિયામાં રહેતા અક્ષયભાઈ અમિતભાઈ ચૌધરીએ પોતાના ઘરની પજારીમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે. પોલીસે તાત્કાલિક દરોડો પાડતાં સ્થળ પરથી વિદેશી દારૂની નાની-મોટી કુલ 1197 બોટલો મળી આવી હતી, જેની કુલ કિંમત રૂ.3,19,605 થાય છે. આરોપી અક્ષય ચૌધરી ઘરે હાજર ન મળી આવતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

### ઘાણીના વેપારી સાથે 3.75 લાખની ઠગાઈ

વ્યારા: ડોલવણના ઘાણીના વેપારી વિશાલસિંહ પ્રવીણસિંહ પરમાર (ઉં.વ.40)એ ગત વર્ષે જુલાઇમાં મહારાષ્ટ્રના ખેડૂતો પાસેથી 3,75,600 રૂપિયાનાં કોળાં ખરીદી કરી યુપીના વેપારીને વેચ્યા બાદ વેપારીએ આજદિન સુધી નફા સહિત રૂપિયા ન આપતાં ઘાણીના વેપારી વિશાલસિંહે ડોલવણ પોલીસમથકમાં આરોપી મોહમ્મદ ઉસ્માન ઉર્ફે શેખુ ઉસ્માન હાફિઝ મોહમ્મદ આલમ (રહે.,મકાન નં.76/296-A કુલી બજાર કાનપુર, કાનપુર, ઉત્તર પ્રદેશ) વિરુદ્ધ ફરિયાદ આપતાં પોલીસે યુપીના વેપારી સામે ઠગાઈનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### આજે કડોદમાં વિરાટ હિન્દુ સંમેલન યોજાશે

સુરત: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં દેશભરમાં હિન્દુ જાગૃતિ અને સંગઠન માટે ૧ લાખથી પણ વધુ હિન્દુ સંમેલનો યોજાઈ રહ્યાં છે. જેના ઉપલક્ષ્યમાં કડોદ મંડળનું વિરાટ હિન્દુ સંમેલન આજે રવિવારે સાંજે ૪ કલાકે કડોદ ગ્રામ પંચાયત પાસે યોજવામાં આવ્યું છે, જેમાં સંઘના અધિકારી યશવંતભાઈ ચૌધરી, ઉમરપાડાના સંત મોતીરામ બાપુ, મોતાના તારાચંદ બાપુ, ભાગવત કથાકાર મુકેશભાઈ ઓઝા ઉદબોધન કરશે. કાર્યક્રમના અંતે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે.

### ઘલા નજીક 16 પશુ ભરેલી ટ્રક ઝડપાઈ




વિશાલ પટેલ

કામરેજ: કામરેજના ઘલા ગામની હદમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર પોલીસે બાતમીના આધારે ટ્રક નં.(જીજે 24 વી 9012) ને ઝડપી 16 પશુને બચાવ્યાં હતાં. તપાસ દરમિયાન એક પશુ મૃત હાલતમાં મળ્યું હતું, જ્યારે 15 પશુને પાંજરાપોળ ખસેડાયાં હતાં. પોલીસે સિદ્ધપુરના ડ્રાઈવર આરિફખાન અને ક્લીનર ફારૂકમીયાની ધરપકડ કરી છે. આ પશુઓ આણંદના ભાલેજથી ધુલિયા લઈ જવાતાં હોવાનું ખૂલતાં પોલીસે આણંદના શખ્સ નબીરસુલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### દારૂના લીધે વધુ એક પરિવાર વિખેરાયો પત્નીના ઠપકા બાદ પતિએ ફાંસો ખાધો

પલસાણા: પલસાણાના વરેલી ગામે સામાન્ય પારિવારિક બોલાચાલી બાદ પતિએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. ગુરુવારે વરેલીની શાંતિનગર સોસાયટીમાં રહેતા અને કાર્તિક મિલમાં મજૂરી કામ કરતા મૂળ ઉત્તર પ્રદેશના ૪૨ વર્ષીય કંધે જગતધારી કોલેને તેમની પત્ની રાણીદેવીએ જણાવ્યું હતું કે, આપણી દીકરીને ઓરી નીકળેલી છે, માટે તારે નશો કરીને ઘરે આવવું નહીં. આ સામાન્ય બાબત મરનારને મનમાં લાગી આવી હતી. પત્ની સાથે બોલાચાલી અને ઝઘડા બાદ રાણીદેવી બાળકો સાથે રૂમની બહાર નીકળી ગયા હતા. તે દરમિયાન આવેશમાં આવી જઈ કંધે જગતધારીએ રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો અને પત્નીની સાડી વડે સીલિંગ પંખા સાથે ફાંસો ખાઈ લીધો હતો. બનાવ અંગેની જાણ થતા કડોદરા GIDC પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પ્રશ્નપત્રો સરળ, વિદ્યાર્થીઓ ખુશ

### બારડોલીમાં ધો.10 વિજ્ઞાનમાં ૧૭૧ વિદ્યાર્થી ગેરહાજર

બારડોલી: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત માર્ચ-૨૦૨૬ની પરીક્ષાઓનો દિવસે બારડોલી ઝોનનાં વિવિધ કેન્દ્રો પર વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ લેવાઈ હતી.

બારડોલી ઝોનમાં ધો.10માં વિજ્ઞાનના પ્રશ્નપત્રમાં કુલ ૯૧૮૬ વિદ્યાર્થી નોંધાયા હતા, જેમાંથી ૯૦૧૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૧૭૧ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. બપોરના સત્રમાં ૩થી ૬:૩૦ દરમિયાન વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે રસાયણશાસ્ત્ર વિષયની પરીક્ષા યોજાઈ હતી. આ સત્રમાં નોંધાયેલા ૨૧૯૮ વિદ્યાર્થીમાંથી ૨૧૪૪ હાજર રહ્યા હતા, જેમાં ગુજરાતી માધ્યમના ૧૫૮૧, અંગ્રેજી માધ્યમના ૫૪૫ અને હિન્દી માધ્યમના તમામ ૧૮ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

બીજી તરફ સામાન્ય પ્રવાહમાં 'વાણિજ્ય વ્યવસ્થા' વિષયની પ રીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં કુલ ૩૪૯૬ નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી ૩૪૮૩ વિદ્યાર્થી હાજર રહ્યા હતા અને માત્ર ૧૩ વિદ્યાર્થી ગેરહાજર જણાયા હતા. આંકડાકીય વિગત મુજબ, ગુજરાતી માધ્યમમાં ૨૧૭૧, અંગ્રેજી માધ્યમમાં ૧૦૨૦, હિન્દી માધ્યમમાં ૨૭૨ અને મરાઠી માધ્યમના તમામ ૨૦ વિદ્યાર્થીએ પોતાની હાજરી પુરાવી હતી. તમામ વિષયના પ્રશ્નપત્રો એકંદરે સરળ રહેતા વિદ્યાર્થીઓએ રાહત અનુભવી હતી.

### માંડવી બસ ડેપોએ બોર્ડના પરીક્ષાર્થીઓ માટે વિશેષ બસની વ્યવસ્થા કરી



હિતેશ પટેલ

માંડવી: એસએસસી અને એચએસસી બોર્ડની પરીક્ષાઓ શરૂ થતાં વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી માંડવી બસ ડેપોએ વિશેષ બસ વ્યવસ્થા કરી છે. વિભાગીય નિયામક પી.વી.ગુર્જરના માર્ગદર્શન હેઠળ માંડવી, ઉમરપાડા અને માંગરોળ તાલુકાના વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી સમયસર અને સુરક્ષિત રીતે પહોંચાડી શકાય એ માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. અંતરિયાળ અને ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓને કોઈ અગવડતા ન પડે એ માટે કુલ ૪૧ વિશેષ રૂટ શરૂ કરવામાં આવ્યા છે. આ વ્યવસ્થાથી દૂરદરાજનાં ગામોમાં રહેતા વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે. પરીક્ષા દરમિયાન પરિવહનની ચિંતા દૂર થતાં વિદ્યાર્થીઓ નિરાંતે પરીક્ષા આપી શકે તેવો હકારાત્મક માહોલ સર્જાયો છે.

### 43 વર્ષની ઉંમરે બે હાર્ટ એટેક છતાં ચેતનભાઈ હળપતિએ ધોરણ-10ની પરીક્ષા આપી



બારડોલી: શિક્ષણ મેળવવા માટે કોઈ ઉંમર હોતી નથી, આ વાક્યને બારડોલીના એક પ્રૌઢ ઉમેદવારે સાર્થક કરી બતાવ્યું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-2026માં યોજાયેલી એસ.એસ.સી.ની પરીક્ષામાં 43 વર્ષીય ચેતનભાઈ ચંપકભાઈ હળપતિએ પ્રાઈવેટ ઉમેદવાર તરીકે પરીક્ષા આપી એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. મદ્રેસા હાઈસ્કૂલ, બારડોલી (યુનિટ-2) ખાતે પરીક્ષા આપી રહેલા ચેતનભાઈની આ સફર જરાય સરળ નહોતી. જીવનમાં બે વખત હાર્ટ એટેક જેવી ગંભીર બીમારીનો સામનો કરવા છતાં, તેમનામાં ભણવાની તીવ્ર ઈચ્છા શમી નહોતી. સંજોગોવશાત ભૂતકાળમાં અધૂરો રહી ગયેલો અભ્યાસ પૂર્ણ કરવા માટે તેમણે આ વર્ષે ફરીથી કલમ પકડી છે. 19 માર્ચ, 1983ના રોજ જન્મેલા ચેતનભાઈએ સાબિત કર્યું છે કે જો મનમાં મક્કમતા હોય, તો શારીરિક તકલીફો કે વધતી ઉંમર ક્યારેય આડે આવતી નથી. પરીક્ષા કેન્દ્ર પર હાજર અન્ય યુવા વિદ્યાર્થીઓ માટે ચેતનભાઈ આકર્ષણ અને પ્રેરણાનું કેન્દ્ર બન્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ માત્ર નોકરી કે ડિગ્રી પૂરતું મર્યાદિત નથી, પણ તે આત્મસન્માન અને જ્ઞાન મેળવવાનો એક માર્ગ છે. મધ્યમ વયે તેમની આ હિંમત જોઈને અનેક લોકો દંગ રહી ગયા છે. બારડોલી પંથકમાં તેમની આ અડગ લાગણી અને સંઘર્ષની ચર્ચાઓ વહેતી થઈ છે, જે સમાજના તેવા લોકો માટે એક મોટો સંદેશ છે જેઓ ઉંમરના બહાને પોતાનાં સપનાંને અધૂરાં છોડી દે છે.



જયેશ પટેલ

## કારેલીમાં રૂ.૪૩.૮૭ લાખના ગાંજા સાથે ત્રણ ઝડપાયા

### પોલીસે કુલ રૂ.૫૧.૩૮ લાખનો મુદ્દામાલ કબજે લીધો

સાયણ: ઓલપાડ પોલીસની ટીમે શુક્રવારે સાયણ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે કારેલીના શામજીનગર સોસાયટીના એક મકાનમાં દરોડો પાડી મોટા પાયે ચાલતા નશીલા પદાર્થોના કાળાબજારનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે મકાન નં.૧૨માંથી ૮૭.૭૪૨ કિલોગ્રામ વનસ્પતિજન્ય ગાંજાના જથ્થા સાથે ત્રણ આરોપીની ધરપકડ કરી છે.

ઝડપાયેલા આરોપીઓમાં મૂળ ઓરિસ્સાનો કાનો રવિન્દ્રચરણ જૈના (રહે.,જે/3, રૂમ નં:૯, એસ.એમ.સી. ટેનામેન્ટ, અર્ચના સ્કૂલની પાસે, બોમ્બે માર્કેટ રોડ, વરાછા, સુરત) તથા રાજસ્થાનના દિનેશચંદ્ર બંસીલાલ કીર (રહે.,૭૦,હંસદેવ વિલા સોસાયટી,નનસાડ, કામરેજ) અને રાહુલ રતનલાલ ખટીક (રહે.,શેરી નંબર-૩, મકાન નં-૧૬૭, સીતારામ સોસાયટી, અર્ચના સ્કૂલ પાસે, બોમ્બે માર્કેટ રોડ, વરાછા, સુરત) નો સમાવેશ થાય છે. પોલીસે રૂ.૪૩,૮૭,૧૦૦ની કિંમતનો ગાંજો, રૂ.૭ લાખની ક્રેટા કાર નં.(આરજે-૧૪, એલ.સી. ૦૫૩૭), ૪ મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ.૫૧.૩૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ત્રણેય આરોપી રીઢા ગુનેગાર છે. દિનેશ કીર વિરુદ્ધ ઓલપાડ, કીમ અને સેલવાસમાં ચોરીના ગુના નોંધાયેલા છે. રાહુલ ખટીક સુરત, નવસારી અને વડોદરામાં પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલો છે, જ્યારે કાનો જૈના વિરુદ્ધ ઉમરા પોલીસ મથકે લૂંટ અને અપહરણનો ગુનો નોંધાયેલ છે. હાલ પોલીસે મુખ્ય સપ્લાયરને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## નવાગામ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાંથી તાળાં ગરમ કરી બાઇકની ચોરી

### સમગ્ર ઘટના CCTVમાં કેદ




વિશાલ પટેલ

કામરેજ: નવાગામ ઉદ્યોગનગર પાસે આવેલી શ્રીજી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. ફેક્ટરીના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી બજાજ પલ્સર બાઈકને ત્રણ અજાણ્યા તસ્કરો ગેટનું તાળું ગરમ કરી, તોડીને ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના વતની અને હાલ નવાગામ સ્થિત 'બાસુરી ઓટોમોટિવ' કંપનીમાં ટેકનિશિયન તરીકે ફરજ બજાવતા બલરાજ રામસિંગ પવારની બજાજ પલ્સર બાઈક નં.(GJ 05 PU 9786) તેમનો પુત્ર પંકજ શુક્રવારે કામ અર્થે લઈ ગયો હતો. રાત્રે 9 વાગ્યે તેણે ફેક્ટરીના કમ્પાઉન્ડમાં બાઈક લોક કરીને પાર્ક કરી હતી. શનિવારે સવારે 7 વાગ્યે તપાસ કરતાં બાઈક ગાયબ જણાતાં ફેક્ટરી માલિકને જાણ કરવામાં આવી હતી. ફેક્ટરીના CCTV ફૂટેજ ચેક કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી, જેમાં રાત્રે આશરે 1:56 કલાકે ત્રણ અજાણ્યા ઈસમો કમ્પાઉન્ડમાં પ્રવેશતા દેખાયા હતા. તસ્કરોએ લોખંડના દરવાજાને મારેલું તાળું ગરમ કરીને તોડી નાંખ્યું હતું અને ત્યારબાદ પલ્સરનું લોક તોડી બાઈક લઈ નાસી છૂટ્યા હતા. આ મામલે બલરાજ પવારે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે CCTV ફૂટેજના આધારે તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

## 'તું દહેજમાં કાંઈ લાવી નથી' કહી પરિણીતાને ત્રાસ

### બારડોલીમાં દહેજ ભૂખ્યા સાસરિયા સામે ફરિયાદ

બારડોલી: બારડોલીની ગુલઝાર રેસિડેન્સીમાં રહેતા મુસ્તુફા સુબરાતી શેખની દીકરી મુસ્કાન (ઉં.વ.20)ના નિકાહ સપ્ટેમ્બર ૨૦૨૫માં બારડોલીના તલાવડી વિસ્તારમાં રહેતા ખાલીત અશરફ પીંજારા સાથે થયાં હતાં. લગ્નના ટૂંકા ગાળામાં જ સાસરિયાએ અસલી રંગ બતાવવાનું શરૂ કર્યું હતું.

મુસ્કાન જ્યારે સગર્ભા હતી, ત્યારે તેના સાસુ રજીયાબેન અને સસરા અશરફ પીંજારાએ 'તું દહેજમાં કાંઈ લાવી નથી' તેમ કહી મેણાં-ટોણાં મારી મારપીટ શરૂ કરી હતી. હદ તો ત્યારે થઈ જ્યારે પતિ ખાલીતે પણ પત્નીનો પક્ષ લેવાને બદલે પિતાના ઘરેથી ૫,૦૦,૦૦૦ અને સોનાના દાગીના લાવવાની માંગ કરી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપીઓએ મુસ્કાનને ગર્ભપાત કરાવવા માટે પણ દબાણ કર્યું હતું.

જીવના જોખમે મુસ્કાન તેના પિતાના ઘરે રહેવા ગઈ હતી, જ્યાં તેણે ડિસેમ્બર ૨૦૨૫માં દીકરીને જન્મ આપ્યો હતો. દીકરીના જન્મ બાદ પણ સાસરિયાઓએ તેની મુલાકાત લીધી નહોતી અને ફોન પર નાણાંની માંગણી ચાલુ રાખી હતી. જ્યારે ફરિયાદીના પિતા સમજાવવા ગયા ત્યારે પતિના મિત્ર તોહીદ શેખ સહિતના આરોપીઓએ તેમને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બારડોલી પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

### કુકરમુંડા પંથકમાં ઓનલાઇન રોકાણના નામે છેતરપિંડી

કુકરમુંડા: કુકરમુંડાના હનુમાન ચોકમાં રહેતા 23 વર્ષીય ફૈજાન અહેમદ મોહમંદ સલીમ પિંજારાને ઓનલાઇન રોકાણના નામે રૂ.2,50,000ની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. તા.30/8/2025ના રોજ સાંજના સમયે એક કંપનીમાં ગિફ્ટ હેલ્પર તરીકે કામ કરનાર મોહમ્મદ યુસુફ અબ્દુલસલીમ સિદ્દીકી દ્વારા ફૈજાનને વોટ્સએપ કોલ કરવામાં આવ્યો હતો, જેમાં તેણે કંપનીમાં રૂ.2.50 લાખનું રોકાણ કરશો તો દર મહિને રૂ.70,000 કમિશન આપવાની લાલચ આપી વિશ્વાસમાં લીધો હતો. આરોપીએ યુવકને વિશ્વાસમાં લઇ તેના બેંક એકાઉન્ટમાંથી તેમજ તેના પિતરાઈ ભાઈ અને મિત્રના UPI આઈ.ડી. મારફતે અલગ-અલગ તારીખે કુલ રૂ.2,50,000 ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદ કમિશનની રકમ કે મૂડી પરત ન આપતાં છેતરપિંડી થયાનું બહાર આવ્યું હતું. આ બનાવ અંગે ફૈજાન અહેમદ પિંજારા દ્વારા કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ચાવજ ગામનો ગુમ બાળક મળી આવ્યો

ભરૂચ: ચાવજ ગામનો ૧૨ વર્ષીય સગીર વડોદરાથી પરત આવ્યા બાદ ઘરેથી કોઈને કહ્યા વિના નીકળી ગયો હતો. પરિવારે 'સી' ડિવિઝન પોલીસનો સંપર્ક કરતાં પીઆઈ એન.આર.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે CCTV ફૂટેજ તપાસી ગણતરીના કલાકોમાં બાળકને શોધી કાઢ્યો હતો. પોલીસે સગીરનો કબજો તેના પરિવારને સોંપતાં પરિવારે રાહતનો શ્વાસ લઈ પોલીસનો આભાર માન્યો હતો.

## મહુવા-અનાવલ રોડ પર કાર સાઈડમાં ખાબકી



મેહુલ પટેલ

અનાવલ: મહુવા-અનાવલ સ્ટેટ હાઈવે પર અંબિકાના વહેવલ અને તરકાણી વચ્ચે આવેલા જંગલ વિસ્તારમાં એક ફોર વ્હીલર કાર અચાનક રોડની સાઈડમાં ઊતરી જતાં અકસ્માત સર્જાયો હતો. કાર ખાબકતા આસપાસથી પસાર થતા રાહદારીઓ તરત જ મદદ માટે દોડી આવ્યા હતા. કારમાં સવાર લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે અનાવલ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર કારમાં સવાર તમામ વ્યક્તિઓનો આબાદ બચાવ થયો છે. જો કે, કેટલીક વ્યક્તિઓને સામાન્ય ઈજા પહોંચી હોવાથી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## મોરદેવી ગામમાં લટાર મારતો દીપડો આખરે પાંજરે પુરાયો



વાલોડ: વાલોડના પૂર્ણા નદીના કિનારે આવેલું મોરદેવી ગામ જાણે દીપડાઓનું અભ્યારણ્ય બન્યું હોય તેમ અવારનવાર આ વિસ્તારમાં દીપડાઓ નજરે પડી રહ્યા છે. દીપડાઓ પાલતુ પશુઓનો પણ શિકાર કરી રહ્યા હોવાથી સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. ખેડૂતો દિવસ તેમજ રાત્રિ દરમિયાન પણ ખેતરે જતાં ડરી રહ્યા હતા. હાલમાં જ દીપડો દેખાવાની ઘટના સામે આવી હતી. જેથી સ્થાનિક ગ્રામજનોએ વાલોડ વનવિભાગના આર.એફ.ઓ. આસિફભાઈ પઠાણને જાણ કરતાં તેમણે તુરંત તેમના સ્ટાફના માણસોને સાથે રાખી મોરદેવી ગામે નાચણા ફળિયામાં મારણ સાથે પાંજરું ગોઠવ્યું હતું. જેમાં શનિવારના રોજ મળસકે મારણ ખાવાની લાલચે એક કદાવર દીપડો પાંજરે પુરાયો હતો. આ અંગે વનવિભાગને જાણ કરાતાં 5 વર્ષના દીપડાનો કબજો મેળવી તેને સહી સલામત વાલોડ વનવિભાગની નર્સરી ખાતે લાવવામાં આવ્યો હતો. જરૂરી તપાસ કરી તેને દૂર જંગલમાં છોડવાની તજવીજ હાથ ધરવામાં આવશે.

### બારડોલીમાં બ્યુટી પાર્લર બહારથી મોપેડ ચોરાયું

બારડોલી: કામરેજના હલધરુ અને બારડોલીમાં 'SV બ્યુટી સલૂન' ચલાવતાં ઈલાબેન વિજયભાઈ લાડનું મોપેડ નં.(GJ-05-TW-5831) રોઝ પ્લાઝા કોમ્પ્લેક્સ બહારથી ચોરાયું છે. ગત 18 ફેબ્રુઆરીએ લગ્નપ્રસંગના ઓર્ડર માટે સુરત ગયા બાદ તા.21મીએ પરત ફરતા પાર્ક કરેલું વાહન ગાયબ જણાયું હતું. આ મામલે ઈલાબેને ઈ-એફ.આઈ.આર. કર્યા બાદ ગઈકાલે બારડોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


Milano MULTIPLEX

બારડોલી

The Kerala Story 2
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm

Laagni No melo-Gujarati
05:00pm

O' Romeo - 10:30am

Mardaani 3 - 02:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



એ.સી.બી.ના ગુનામાં નિર્દોષ જાહેર

તા.૨૭-૦૨-૨૦૨૬ ના રોજ મહેરબાન વલસાડના પ્રિન્સિપાલ અને ડીસ્ટ્રીકટ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં ચાલી ગયેલ સ્પે.એ.સી.બી.કે.નં.૦૨/૨૦૧૨ અન્વયે એડવોકેટ સલીમ લોહિયાની તર્કસંગત અને તથ્યગત પ્રભાવી દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી શ્રી સતીશ પટેલ, નાયબ કલેકટરશ્રીને Prevention of Corruption Act-1988 ની સેકશન ૭,૧૩ (૧) (ઘ), ૧૩(૨) ના ગુનામાં સંપૂર્ણ નિર્દોષ જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ : વલસાડ,
તા.૨૭-૦૨-૨૦૨૬

એડવોકેટ સલીમ લોહિયા
૨૦૫/૨૦૬, ઓમ કોમ્પલેક્ષ,ભરૂચ.
મો.નં.૯૨૪૯૧૫૪૮૨



ટેન્ડર નોટીસ

શ્રી શેરૂલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.

મુ.પો. શેરૂલા તા.સોનગઢ જી.તાપી મોબાઈલ નંબર ૬૩૫૧૧૮૭૭૭૧

આથી રસ ધરાવતા અનુભવી કોન્ટ્રાકટરોને જણાવવાનું કે ઉપરોક્ત દૂધ મંડળીના દૂધઘર બાંધકામ માટે માલ સામાન તથા મજુરી સાથેના ભાવો મંગાવવામાં આવે છે જે મંડળીની મુખ્ય ઓફીસે થી તા. ૦૨/૦૩/૨૦૨૬ થી તા. ૦૯/૦૩/૨૦૨૬ સુધીમાં સવારે ૧૦-૦૦ કલાક થી બપોરે ૩-૦૦ કલાક સુધી (રજાના દિવસો સીવાય) આપવાના રહેશે. ટેન્ડર ફી પેટે રૂા.૧૦૦૦/- ચુકવવાના રહેશે. સર્વે હક મંડળીના રહેશે.

મા.મંત્રીશ્રી



ટેન્ડર નોટીસ

શ્રી નાનીભુરવણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.

મુ.પો. નાનીભુરવણ તા.સોનગઢ જી.તાપી મોબાઈલ નંબર 9913219271

આથી રસ ધરાવતા અનુભવી કોન્ટ્રાકટરોને જણાવવાનું કે ઉપરોક્ત દૂધ મંડળીના દૂધઘર બાંધકામ માટે માલ સામાન તથા મજુરી સાથેના ભાવો મંગાવવામાં આવે છે જે મંડળીની મુખ્ય ઓફીસે થી તા.૦૨/૦૩/૨૦૨૬ થી તા. ૦૯/૦૩/૨૦૨૬ સુધીમાં સવારે ૧૦-૦૦ કલાક થી બપોરે ૩-૦૦ કલાક સુધી (રજાના દિવસો સીવાય) આપવાના રહેશે. ટેન્ડર ફી પેટે રૂા.૧૦૦૦/- ચુકવવાના રહેશે. સર્વે હક મંડળીના રહેશે.

મા.મંત્રીશ્રી